<u>ફોજદારી કેસ નંબર -86-2026</u>

# વાપી ના મહે.બીજા એડીશ્નલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં.

## <u>ચુકાદો</u>

આ કામે આરોપી વિરૂધ્ધ **એમ. વી એક્ટ ની કલમ ૧૮૫ તથા પ્રોહી એક્ટ ની કલમ ૬૬ (૧) બી** મુજબનો ગુન્હાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે આરોપી હાજર થતા સદરહુ ગુનો કબૂલ કરી ગરીબ તથા કુટુંબ ધરાવતા માણસ હોવાનું જણાવે છે અને તે મુજબની કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છિક જણાઈ આવે છે. તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીને ગુનાનો પસ્તાવો થતો હોય તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે. ગુનેગારને ડામવાનો નથી તથા આરોપીને સુધરવાની તક મળે તથા સજા અંગેની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત વડી અદાલતનો નટવરજી હરચંદજી ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૦૫(૧) જી.એલ.આર પાના નં ૭૦૯ ઉપર પ્રાકાશીત ચુકાદા ના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લઈ તથા હાલના કેસના સંજોગો ને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકુમ કરવામાં આવે છે.

## <u>હુકુમ</u>

આ કામના આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૨૭૫** અન્વયે **એમ. વી એક્ટ ની કલમ ૧૮૫ તથા પ્રોહી એક્ટ ની કલમ ૬૬ (૧) બી** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને **રૂા. ૨૦૦૦/–**

**(અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે અને  જો દંડ ના ભરે તો દિન ૩ ની સદી કેદની સજા ફરમાવવાનો હુકુમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન અંગેનો અગાઉ થયેલ વચગાળાનો હુકમ અપીલ સમયે વિત્યા બાદ કાયમ રાખવામાં આવે છે.

આજ તારીખ ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત મેજીસ્ટ્રેટશ્રીની ખાસ સીટીંગમાં આ આખરી હુકમ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬ .
સ્થળ :– વાપી.

( મોહંમદ ફરહાદ સલીમ લોહિયા)
બીજા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફસ્ટ કલાસ,વાપી
U.I.Code No.GJ01676